બ્રીટીશ રાજ્યનો વિજય થજો.

ર૭૪ર

પુતક નામે

અક્કલનું પડીકું.

ઉર્ફે [નંબર ૧]

શીખામણની સોટી.

રચી છપાવી પ્રસીદ્ધ કર્તા

કોમીક પોયેટ ઉર્ફે રાવ કવી

અંબાલાલ પ્રલાદજી—નીવાસી નડીઆદ.

હાલ મુકામ કાલોલ જીલ્લે પંચમહાલ.

સંવત [illegible] પ્રત ૨૦૦૦ આવૃતિ ૩ સને ૧૯૧૮

દોહરા

સમજો તો છે સસ્તો, અક્કલ આ અણમોલ,
ના સમજો તો જાણજો. ઠોકયું ડાલી દોલ;
અડધી આનો એક છે, પ્રાઈસ ઓફ ધીસ પ્રત.
વાંચીને વીસ્મય થશો, આ રાવ કવીનું કૃત.

કીમ્મત નથીન્ગ

મોંઘવારીનો માત્ર ૧ આનો

નડીઆદ—ધી 'શારદા વિજય' પ્રિન્ટીંગ પ્રેસમાં
શા. હરજીવનદાસ અમરસીએ છાપી—ઠે. સાંથ પીપળી.

અર્પણ પત્રિકા.

હતો ભુતકાળમા હુ ને ભવિષે છુ સદા કાયમ
સનાતન શુદ્ધ અવનીમા પ્રકાસુ સુર્ય સમ હરદમ
તપુ છુ અગ્નીમાં હું ને, વિહરતો વ્યોમ પાતાળે
ઝબકતો વિજળી પેરે, અનંત શક્તિને આધારે
બધે છું હું બધામાં છુ વહુ છું વાયુના જોરે
ધરીને જન્મ બાળકનો રમુ છું માતને ખોળે
ધરીને સ્વાગ રૂપાળા નીરાળા ખેલ હુ ખેલુ
તરૂવર પહાડમાં હું ને નદીમાં નીર થઈ રેલુ
અમર હુ એકલો વેદાંન્તના શીધાન્ત આધારે
સમરપુ મારી પોથી હું પડીને ચર્ણમાં મારે,

કર્ત્તા—આઇ. એમ. પોતે કોમીક પોયેટ ઉર્ફે રાવ કવી

સરવે હક્ક સ્વાધીન પણ, પર આધીન આ પ્રાણ,
એ પર આધીન સ્વાધીન કરે, તો જીવ્યું પરમાણ

બાંઈ તું તે ચા દેવી કે અમારી મહાદેવી ?



પીનારનો પોકાર-કવાલી ગરમ લાય જેવી.

(રાગ ઉનાળાની લુ જેવો.)

અરે ચંડાલણી એ ચા, હવે તું હીન્દમાંથી જા;
અમારી સાવકી માતા, હવે તું હીન્દમાંથી જા.
કર્યું તેં ખુનનું પાણી, કરી નીરમાલ્ય આ કાયા,
ફસાયા કૈંક ફંદમાં, દીવાનાને વળી ડાહ્યા;
અઢારે વરણને વળગી, વટાળ્યો દેશ ને દુનીયાં,
ગુણો તારા છે ગોઝારા, હવે તું હીન્દમાંથી જા.-અરે૦

ચઢાવ્યા લોક ચગડોળે ચખાડયો સ્વાદ તેં ભારી,
પીતામાં તો ચડી વળગી. ખરે ગુણુ હીણુ ગોઝારી;
સડાવો કાળજાં દીધાં, અરે સઉ કો પીનારાનાં,
દયા દેવી કરી દુર થા, હવે તું હીન્દમાંથી જા.-અરે૦

નીચ ઉંચ નાના ને મોટા, રીચ કે રંક સરવેને,
ચતુરાઈથી પડી ચોટી, બનાવ્યું વીશ્વ વ્યસની તેં;
ઉરાડી સુસ્તી તેં સઉની, કરી જખમી જીઘરમાં ઘા,
પીઠાં તારાં થયાં જ્યાંત્યાં, હવે તું હીન્દમાંથી જા—અરે૦

હળાહળ ઝેર છે તુજમાં, ગુણો તારા ઘણા રાશી,
ખુવારી ખુબ કીધી તેં, ગયા તુંજથી હવે ત્રાશી;
રહ્યું ના ખુન કાયામાં, હવે તો હાડ માંસને ખા,
પોકારી કહે છે પીનારા, હવે તું હીન્દમાંથી જા—અરે૦

વડીલ વૃધ્ધો અમારા તો, ન તારો નાસ પણ લેતા,
અમે હીણુ ભાગીઆ તુજ વીણુ, નથી ક્ષણવાર તો રહેતા;
પીધી તેથી પડયા મરવા, હજી સંતાપે શું કરવા,
નથી તારી જરી પરવા, હવે તું હીન્દમાંથી જા.—અરે૦

પ્રથમ તો ઉકળી પંડે, પછીથી અમને ઉકાળ્યા,
જઠર અગ્ની કરી ઝાંખી, સુંકામળ કાળજાં બાળ્યાં;
ઉઠાડી છેક તેં શ્રદ્ધા, કર્યા નીરમાલ્ય નામરદા,
ઘટાડયો તેંજ આવરદા, હવે તું હીન્દમાંથી જા—અરે૦

તુજથી કંટાળી હારીને, કહે કવી રાવ કર જોડી;
કૃપા કરીને હે મહાકાળી, હમોને દે હવે છોડી;
અમો સાથે કરી નીકા, કર્યા ચહેરા અરે ફીકા,
ટીપીન લઈને લખી ટીકા, હવે તું હીન્દમાંથી જા—અરે૦

હે મ્હા દેવી, તમારૂ સેવન કરવાથી ઘણા ભકતોએ વૈકુંઠે વાસ કર્યો છે. અને ત્યાં દેવતાઓની મીટીન્ગોમાં તેમણે તમારી ઘણીજ પ્રસંસા કરી છે તેથી વૈકુંઠવાશી દેવતાઓ પણ તમારાં દરશન માટે આતુર થઈ રહ્યા છે.

માટે હે મહાકાળી મહાદેવી અને મહા ચડસડતી હવે અમોને પડયા મુકીને દેવતાઓને વરવાને સત્વર સ્વર્ગે પધારો અને ત્યાં તેત્રીસ કરોડ દેવતાઓમાં તમારી નાંમના વધારો.

(આ સાંભળી ચાએ પીનારને આપેલા જુવાબ—અપુર્ણ)

મારા મુરબ્બી ભાઇઓ અને બહેનો હવેથી ચાને બદલે દુધ પીજો. આટલી મારી ખાસ ભલામણ છે.

લી.—અટલ અનુભવી.

ગજલ સ્વદેશી સીગારેટની

(રાગ ધુમાડાના ગોટા જેવાં.)

(ચાલ-કયા ખીજા આઇ ચમનમેં શજર ગુલ જાતા રહા.)

ઓ બે રહમ કુલટા બીડી, પુરેપુરી પીડી ગઈ,
છુટી ગઈ તેથી હવે, મુજને ઘણી શાન્તી થઈ;

કમ જાત તું તો ગઈ બળી, વળી સંગમાં બાળ્યો મને,
કોમળ હૃદય કાળું કર્યું, ધીક્કાર છે બીડી તને.
મોઝી મધુરી જાણીને; મેં મુરખે મુખમાં ધરી,
મારી ગણીને માનો તો આખર દશા આ શી કરી !
તુજ માટ મેં માઠુ મનાવ્યું, ગુરૂ અને માબાપને,
તોયણ દગો અંતે કર્યો ધીક્કાર છે બીડી તને
તેં ખુનની કીધી ખુવારી, કાળજું કાણું કર્યું,
નીરબળ કરી સહૂ નાડીઓને, દેહનું હૈવત હર્યું;
બસ કસમ ખાઇ કહુંછું હવે, કોઈ દીવસ નહીં રાખું કને,
હું વિદ્વાનને વાયલ કર્યો, ધીક્કાર છે બીડી તને.
પીતાં શું તો પીધી તને હાવે ઘણો પસતાઉં છું,
સ્વપનેય સ્પરશજ તાહરો, નવ થાય એવું ચાહું છું;
જે જે પીએ તે તે જનો તો, બાવરા તુજ વીણ બને.
ઓ પાપીણી ગોઝારીણી, ધીક્કાર છે બીડી તને.
તુજ વીણ બનીને બાવરો, ડેલી બજારે દોડતો,
તે આજ તુજ દરશન થતાં, પાતાળમાં પેસી જતો;
ઓ કાળમુખી કર્કશા ! વળગી પડી તું ! વીશ્વને
તેં કૃત્ય બહુ કાળાં કર્યાં ધીક્કાર છે બીડી તને.
શા દોષ તારા વર્ણવું, તું નર્કથી પણ નસ્ટ છે.
તુજને પીનારા તે જનો સૌ ભ્રષ્ટથી પણ ભ્રષ્ટ છે;

તેં જખમ ઉધરમાં કરી અને આણી મેળવ્યું મોતને,
અંતે નંખાવ્યો નર્કમાં, ધીક્કાર છે બીડી તને.
કવી રાવની વાંચી કવીતા, સમજુ જન સમજી ગયા,
બાયકોટ બીડીનો કરાને, શાણુઓ સુખીઆ થયા;
મેં તો તજી દીધી તને, તેમ તુય પણ તજજે મને,
કોટાન કોટી વાર છે ધીક્કાર આ બીડી તને.

(રાવ કવી.)

(આ સાંભળી બીડીએ પીનારને આપેલો જુવાબ)

રાગ-ઉપરનો ને ગજલ નીચેની.

આ સાંભળી બીડી કહે, ઓ બે કદર આ શું લવો,
ઘેલુ બન્યા હાથે કરી, હાવે શું ડા'પણ દાખવો:
ગમ નો'તી કેમ ગમાર શું, જબ મારવા પીધી મને,
હું બીડી બીચારી શું કરૂ, ધીક્કાર છે પીનારને
વીદ્વાન થઈ વાયલ બન્યા, બુદ્ધિ તમારી ગઈ બળી,
અક્કલ તણા ઉદધી હતા તો, કેમ ના સુજને કળી;
પાગલ હવે પસ્તાવછો તો, વ્હાવ છો શાને મને,
હું બીડી બીચારી શું કરૂ, ધીક્કાર છે પીનારને.
પીનાર જઇ નર્કે પડ્યા હું તો વસી રહી વીશ્વમાં,
જગ અંધ થઈ વળગ્યું મને, મારે નથી કોઈની તમા;
જન કંકને બાધી કરી, સમજાવું છું સંસારને.
પણ મરતા લગી મુકતા નથી, ધીક્કાર એ પીનારને

મુકો કેડો મારો હવેને, તમો પણ જાઓ મરી,
ઉલટી વગોવઈ વીશ્વમાં, તમ નીચની સંગત કરી;
હૈયા ફુટા ને આંધળા થઈ, હજી શીદ રાખો કને,
મીથ્યા ફજેત કરો મને, ધીકકાર છે પીનારને.
કુવી રાવને પણ કોઈક દહાડો, કાનમાં કહેતી જઇ,
કે છીદ્રો લખજો સર્વનાં, પણ મારૂં કંઈ લખશો નહી:
ગુણ દોશ મારા વર્ણવ્યા, ધન્યવાદ છે લખનારને,
ધીકકાર વાર હજાર છે, પીનારને પાનારને,

ઓધુમ્ર પાનથી, ધીખી ગયેલા રદયવાળા અને ચાથી ચીમબાઇને ચઢી ભયેલા વદનવાળા ગુણગ્રાહી સજ્જનો જોતમો લાંબુ જીવન અને આરોગ્યતાને ઇચ્છતા હો તો બીડી બાઇ અને ચા માઇ એ બન્ને જોગણીઓના પંઝામાંથી બચી જાવ જુવો વળી કહ્યું છે કે—

(રાગ—કાયા કલેવર કારમું છે ગંદકીનો ગાડવો.)

જીવતે જીવેનીજ મોં ઉપર, શા માટે આગને મુકવી,
તેથી શું તમને ફાયદો, પુછે છે લખનારો કુવી.
માટે તજો સજ્જન તમો, પુચ્છ ટેવ આ બીડી તણી,
પીશો તો થાશે ખેંન, કાંતો કાળજે પડશે કણી.
સાચી શીખામણ આટલી, મીત્રો તમે માની જજો,
મારૂં જો નવ માનો તો જઇ, પીનાર જનને પુછજો.

ગરમીનો થાયે રોગને વળી, કાળજે ચાંદી પડે,
તે છતાં પણ નથી છોડતો તો. હત્ત તને બીડી રડે.
બીગાડ બહુ બીડી વિષે, બીડી કલેજુ બાળતી,
છાતીથી ગળફા છુટતા, તાકાત પણ હલકી થતી.
ખહરોગ પણ થાયે ખરોને, આંફૂ વળી જબરો ચડે,
પણ–મરતા લગી નથી મુકતો તો, હત્ત તને બીડી રડે.
ઝાઝુ કહેતાં તો હવે, શરમાય છે આ જીભડી,
આ કલમ પણ કંટાળો પામી, કાંન પર ગઈ છે ચડી.
ખડીઓ ખશી ગયો બાજુએ, સુકાઈ ગઈ સઘળી સહી
લખનારે લક્ષ ન આપીયું, તેથી અધુરી આ રહી.

(જો પુરી લેજત વાંચવી હોય તો ખુબીનો ખજાનો મંગાવો.)

છપ્પા.

ટીમરી ને ઝીઝી તણાં, ઝાડ તણાં જે પાન
તે પાનાની બીડીઓ, પીધે થાય ઉધાન
પીધે થાય ઉધાન, વ્યાધીમાં કરે વધારો
કારણ કે તેમાંય પડે, પાપડીઓ ખારો
એ ખાર પાયેલી બીડીઓ, પીધે પીડા પામશો;
રાવ કેવી સાચું કહે, તમે જમપુરમાં વહેલા જશો.

વળી—ભાઈ જો ન આવડતી હોય માગતાં ભીખ,
તો બીડી પીતાં, સત્વર શીખ.

બંધુઓ—આટલું જાણતા છતાંય જો વ્યસનને વળગી રહો તો આછેવટની એક શીખામણ જરૂર હમેશને માટે ધ્યાનમાં રાખજો.

(રાગ—કાયા કલેવર કારમું છે, ગંદકીનો ગાડવો.)

આ ફેશન એબલ ફ્રેન્ડ, ચીતા પણ ચીરૂટનીજ ખડકાવજો,
તેના ઉપર સીગારેટનાં, બંડલ તમે સીંચાવજો.
બીડીઓનાં બાંધી પોટલાં, છાતી ઉપર મુકાવજો,
બાકીની ખીસ્સામાં ભરી, જ્યાં જન્મો ત્યાં લેતા જજો.
આગળ કશું આવું નથી, તમને બહુ ત્યાં વીતશે,
નથી ગામ કે ઘરબાર તો, હોટલ વળી કયાંથી હશે.
ઘેર ફોર કપ શોશર્સ કીટલી. મસાણમાંજ મગાવજો.
ટી-શુગર વીગેરે તમામ સાથે, સ્વર્ગમાં લેતા જજો.

આટલી ભલામણ ચા અને બીડીના ભીરાદરોને કરી પણ વીસ્કીના ઇસ્કીઓને તો એટલુંજ કહેવાનું કે:— હે ખેંચણીઆ ભીરાદરો તમે તો ફક્ત આટલુંજ કરજો કે:—

વીસ્કીની સોલબંધ સીસીઓ કરી પેક પાસે રાખજો,
જો હોય સ્થીતી રંક તો, મહુડા તળે મરવા જજો.
જો હો કદી રીચમેન તો, પીપો ભરી પોચાડજો,
ચપણું પીવાનું ને ચણા જાતે તમે લેતા જજો.

જનરલ જે ડ્રીન્કર હોય તે, પીઠામાં મૃત્યુ પામજો,
અન્ય જન્મમાં દારૂ તણા, વેચનારના દીકરા થજો.
કાંતો પીઠાની પાસમાં, કબરો તમે ખોદાવજો,
એકાંન્ત વીષે આ બધુ દીલ જાનીને કહેતા જજો.
માય ડીયર સર રીકવેસ્ટ મારી, યાદ ઉરમાં રાખજો,
પ્લીઝ ઓલ થીંગ્સ અત્રે અરે ત્યાં, નહી મળે આવી મઝો.
મરતી વખત માબાપને કે મીત્રને કહેતા જજો,
રાખી રીમેમ્બર આ બધુ. જાસે તમે લેતા જજો.

લી૦ અટલ અનુભવી.

ક‌ંપેનીયન્સની કોમીક વાતચીત.

(ફ્રેન્ચ કટ વાળા ફ્રેન્સી ફક્કડનો ફજેતો.)

ફ્રેન્ડ—કેમ મીસ્ટર ફ્રેન્સી, આજે આપે કોનાં સુવાળાં ઉતરાવ્યાં છે, ઘરમાંથી ડોસો ડોશી ગયાં કે શું?

ફ્રેન્સી—નારે મીસ્ટર, મારાં તો ફાધર ને મધર બન્ને હાલ હયાત છે.

ફ્રેન્ડ—ત્યારે તમે અડધી મુછો ઉતરાવી નાંખી છે શા માટે? તમારા ચહેરા સામું જોઇને મને તો એમ ભાસ્યું કે મીસ્ટર ફ્રેન્સીના ઘરમાંથી કોઈ અડધી સગાઈનું સગું ગુજરી ગયું હશે.

ફેન્સી— ના, ના, યાર, આ તો આજકાલની ફેશન છે. લોકોની દેખાદેખ અમે પણ શીખ્યા. ઓ મીસ્ટર હું તો પહેલાં એક ઉલ્લુ જેવો માણસ હતો અને ગામડામાં પડી રહેતો પણ એક દીવસ હું શહેરમાં આવ્યો ત્યારથી મારે ને ફેશનને હોટલમાં પીછાણ થયું. ત્યાંથી ફેશન મને તુરતજ હેર કટીન્ગ સલુનમાં લઇ ગઈ અને ત્યાં મારે માથે અને મોઢે ફરી વળી.

ફ્રેન્ડ—ભાઈ આ તો ઠીક નથી દેખાતું આ સીનેમેટો ગ્રાફમાં ચેપલીન આવે છે એની સીકલ સાથે આપની સીકલ મળી રહે છે.

ફેન્સી—મીસ્ટર હું ફેસનના પગથીએ કેવી રીતે ચડયો તે જરા ચીત દઇને સાંભળો.

(ફેન્સી માંન્ગ્ર ઉર્ફે હાફકાસ્ટ કવીના)

(રાગ—જમના મેં જેવા)

ભુત હતો હું ભુતકાળમાં વર્તમાનમાં આવ્યું ભાન
નાઉ અનધર થીન્ગ્સ અન્ડરસ્ટેન્ડ—ઉપરથી શાહુ ચાય ચોરૂટને પાન
ભુલી ગયો બધી નેટીવ ભાષા હવે શીખ્યો છું હું એલરેટ
ગમાર હું એક ગામડીઓ ને આજકાલ થયો અપટુડેટ
હેરકટીન્ગ સલુનમાં જઇને, ફેશનએબલ કરતો ફેઇસ
ગોડી પર છુરણો નંખાવી વળતી કટીન્ગ કરાવું કેસ

મોં પર અડધી મુછ રખાવું ને પાઘડી બદલે પહેરૂં હેટ
સમ ટાઈમ્સ એગો હતો હું ઉલ્લુ, જસ્ટ નાઉ આઇએમ અપટુડેટ
કોટ પાટલુન ને કોલર પહેરૂં ને સાથે બાંધું નેકટાઈ
આઈઝ ઉપર પાટા પેઅલના રાત ને દહાડો દેઉં લગાઈ
નાઉ મી નો કેર ન્યાત જાતની પેરન્ટસ ભલેને કુટે પેટ
આઈ વોઝ વન ઉલ્લુ ગામડીઓ બટ નાઉ આઇએમ અપટુડેટ
ધર્મ કર્મ ને ધંધો ધારી એમથકી મારે યુઝલેસ
ટીફીન પાણી ટીન્ચર ને ટીનો ટાઈમે ટાઈમ કરૂં છું ટેસ
વળી નેટીવ બીડીઓ ગણી નકામી હવે પીઉં સીઝર સીગરેટ
ગમાર હું એક ગામડીઓ તે હવે થયો છું અપટુડેટ
ફાધર સેઈઝ મી સ્ટુપીડ ફેલો મધર કહે છે મુવો રડયો
યુઝલેસ અકરમી આવો પથ્થર તે શીદ પેટ પડયો
ઘરમાં ધણીઆણી ધમકાવે તોબી બંદા રહે છે ટેટ
આજ સુધી ખચ્ચરમાં ખપીઓ થયો અત્યારે અપટુડેટ
ફરીવળી છે મુજપર ફેશન પોઝીશનનું ચઢીયું પુર
હાથે કરીને બન્યો છું ઉલ્લું, નથી હવે આ મોંપર નુર
વોટ મીન્સ છે વટાળ જગમાં આઈ ડોન્ટ નો આભડછેટ
હીન્દુ મટી હાફકાસ્ટ થઇને, બન્યો અત્યારે અપટુડેટ
આ—ફેસન એગલ ફેઈસના લીધે જોકરના જેવો દેખાઉં
સ્વધર્મ પર પુળો સળગાવી માયસેલ્ફ હું માર્યો જાઉં
જાહેર થયો હું હવે જગતમાં આજ સુધી ચાલ્યું પ્રાઇવેટ
મુર્ખ ફસાવાથી ફેશનમાં બની ગયો છું અપટુડેટ.

ફ્રેન્ડ—આપનું કહેવું ખરૂં છે, પણ મરદનું નુર એક મુછજ છે. વળી જો આપને ન ગમતી હોય તો સપુચી કઢાવી નાંખો કાંતો આખી રહેવા દો જુવો રાવ કવીએ ખુબીના ખજાનાની બુકમાં લખ્યું છે કે:—

(દોહરો)

મુછ વડે મરદો તણું, સીન સરસ દેખાય,
મુખ પર મુછ ન હોય તો, વ્યંઢળમાં લેખાય;
સાધારણ મુછ હોય તો, બડ મુછીઆમાં ગણાય.
પણ અડધી મુછનો આદમી તેને શું કહેવાય?

ફ્રેન્સી—કેમ શું કહેવાય ? શું તે એમ-ઓ-એન-કે-ઈ-વાય મંકી એટલે માંકડો કહેવાય.

ફ્રેન્ડ—જુવો; તમોએ તમારે હાથેજ તમારો કેવો તોલ બાંધ્યો ? અને આટલું કહે હજુ સંતોષ ના પામ્યા હો તો ખુબીનો ખજાનો ઉર્ફે ચાલુ જમાનાનો ચીતાર એ નામનું પુસ્તક મંગાવો ને તમારા સુકોમળ હૃદયને રંગાવો; લ્યો સાહેબજી. (ગુડ મોરનીંગ).

(રાવ કવી.)

☛ દારૂડીઆને મરતી વખતે તેની સ્ત્રીએ રૂબરૂ કરેલું રૂદન.

(કવ્વાલી-બરફ જેવી-રાગ આઈસક્રીમનો)

તમારા ગુણની ગજલો, હવે હું ગાઈ સંભળાવું;
ખરા ઊદ્દગાર અંતરના, મધુર રાગે રડી ગાઉં.
મરતાં સુધી એ મુખમાંથી, મધુ સુકાવા ના દીધો;
છેવટ જીવ જાતાં સુધીમાં, પીવાયે તેટલો પીધો.
ગંગા જળનાજ બદલામાં, ભર્યું તમે દારૂથી ડાચું;
ગળ્યો નહી દેહ દારૂમાં, રહી ગયું એટલું કાચું,
વધેલો બાઈન સોસામાં, કંઈ છે ખુબ ગભરાઈ;
પીનારા તો ગયા નર્કે, માનીતો થઈશ કયાં જાઈ.

[એ મારા અક્કલના દુશ્કોતરા પતી તમારાં શાં શાં વખાણ કરૂં !]

અરેરે—નાથ !

પડયાને પાથર્યા રહેતા, પીશુજી આપ પીઠામાં;
પીતા પેશાબ ત્યાં જઈને વળી પાત્રો અજીઠામાં.
એ સીસાને કોડીયાં તમ વીણ, હવે સુકઈ જશે સ્વામી;
ન લઈ ગયા છાતીએ બાંધી, ફરીશું એટલી ખામી.

પીશુ મુજ વાક્ય આ છેલ્લું, કહું તે ધ્યાનમાં ધરજો;
કલાલણુ પેટે કે કાંતો, કસાઇને ઘેર અવતરજો.
ભળો જો ભુત યોનીમાં તો જઈ પીઠામાં ભટકાજો;
વીચરો કદી વૃક્ષ યોનીમાં, તો ઝાડ મહુડા તણું થાજો.
વળી વધુમાં-ગજબને હાયનાં ગાડાં, તમારા પુન્યમાં આપ્યાં;
દાન બહુ ચાયનાં દઇને, તમારા નામપર સ્થાપ્યાં.
વળી-સીગારેટોને સળીઓથી, તમારી સજ્જાઓ ભરશું;
તમારો સવડ ને સાધન તમો પછવાડે વાપરશું.
સજ્જામાં સીસો ચપણું ને, તમારો છે જુનો જોડો;
તમારે વાટનું ભાથું, મુકયો મણુ એક રાખોડો.
કશું રહી જાય જો બાકી, તો આવી સ્વપ્નમાં કહેજો;
આ ઘરની હોય ઇચ્છા તો, સુખે સંડાસમાં રહેજો.
તમારી લાશ આ જ્યારે, ચીતા વિશેજ ચરચરશે;
નીકળતાં ગંધ દારૂની, બાળનારાઓ કળકળશે.
તમોને બાળવા ડાઘુમાં પણ દારૂડીઆ જોઇએ,
તમો વીણુ કુટુંબમાં પ્યારા નથી પીતુ બીજું કોઇએ;
અવળચંડાને હત્યારા અકેલા આપ જન્માતા,
સોનાના સુર્ય તો આજે ઉગ્યા વહાલા તમો જાતાં.
માગણી એક આ મારી સ્વીકારીને પ્રીતે પળશો.
સાતે ભવ સ્વામીજી મુજને, તમે ફરીવાર નવ મળશો;

તમે તો દારૂમાં ડુલ્યા મને ડુબાવી દુઃખમાં.
ઘરેણાં ને વળી ગાંઠાં ગયાં પીઠામાં ને ન્હામાં.
તમારા બીલોની ઢીલે કલ્લાલો પોકો મુકે છે,
વળી બહુ હોટલોવાળા ભર્યા લોકોમાં ભુકે છે;
તમારી બુદ્ધિનાં બણુગાં બજારે દોસ્તો ફુંકે છે,
વેશ્યાઓ તો વળી ટોળે તમારાં છાજીયાં લે છે.
અરેરે–સોડા લેમન અને જંજીર તમોને કોણ ત્યાં પાશે,
આવો વહાલા કહી વેસ્યા વીના ત્યાં કોણ કર સ્હાશે;
નથી ત્યાં રંડીના માળા ઉચાળા ક્યાં તમે ભરશો,
દાંડીઆ દોસ્તો વીણ પ્યારા અકેલા શી રીતે ફરશો.
આ–તમારા નામનો ચુડો તમો પછવાડે ફોડ્યો છે,
જાવો ચંદ્રો દીવાકર તક હવે સંબંધ છોડ્યો છે;
સાતે ભવમાંય સ્વામીજી કદી સામાએ નવ મળજો,
જજો જાનમની ખાડીમાં કે તબીયત ચ્હાય ત્યાં ટળજો.
ખરે–એક દીન કવી રાવે કહ્યું તું તમને કર જોડી,
તે આજે આગળે આવ્યું ચાલ્યા ચોળાવી રાખોડી;
લેજો સઉ સાંભળી શાણા હવે છે ટાઈમ છેલ્લો આ,
પછી નહી મુજથી કહેવાયે સગાં સઉ એકઠાં થાતાં.
હે નાથ–તમારી અકક્લને સીકલ તણું જગમાં નથી જોડું,
વધુ કહેતી નથી વહાલા ઘણું માનો કહ્યું થોડું;
કાળજુ તો કુટી બાળ્યું ચડસ ચાંડુલની ચલમે;
અધુરૂં તે થયું પુરૂં ચહ્યા કવી રાવની કલમે,

તમારી શોભીતી સજ્જા કેવા વીપ્રો તે લઇ જાશે,
હકીકત સર્વ તે હાવે ભાગ બીજામાં વંચાશે.

હે હૈયાના કુટેલા અને દીનમાંનના ઉઠેલા નાથ તમે ખુબીના ખજાના જેવું પવીત્ર પુસ્તક વાંચ્યું પણ તેમાંથી તમોને જરાએ અસર ન થઇ છેવટ દારૂમાં ને દારૂમાં કુતરાના મોંતે મુવા અને હાથે કરીને વાગતે ઢોલે નર્કે ગયા હઝારવાર ધીક્કાર છે તમારા જેવા કરમચંડાળને કે ખુબીના ખજાનાનું પુસ્તક વાંચવાથી હજારો વ્યસનીઓએ પોતાને પડેલી કુટેવોનો પરીત્યાગ કરી દીધો અને પોતે સુધરી ગયા તેમ બીજાને પણ સુધાર્યા પરંતુ તમો તો મહીસાગરના કાળા પથ્થર જેવા હતા તેથી જરાએ ભીજયા નહી. તેનું ફળ તમને મળ્યું.

મારા મુરબ્બી ભારથવાસી ભાઇઓ તમો તમારી નજરે જુવો કે કે મહુડાના ઝાડે જ્યારે મહુડાં થાય છે. ત્યારે તે ઝાડનાં આભુષણ રૂપી તમાંમ પાંદડાં ખરી જાયછે અને વૃક્ષ તદન નાગુધજ બની જાયછે. તો પછી તે મહુડાનો અર્ક પીને નર્ક નીવાસી થનાર તો સપુચાં લુગડાં કાઢી નાંખી નાગો બને તેમાં શી નવાઈ મઝા લુંટવા અને કુટેવ છુટવા (ખુબીનો ખજાનો) મંગાવો.

કોમીક પોયેટ ઉર્ફે રાવ કવી.

સટોરીઆની સ્ત્રીએ ધણીની રૂબરૂમાં કુટેલો કોમીક રાજીઓ.

(રાગ તેજી મંદીનો)

છેક તે ઉછાંછળા શું થાવ છો રે. બનો છાકીને છેલ;
સ્વામી થયા તમે સટોરીઆ, જાણું ભોગવશો જેલ.
હાથનાં કર્યાં તે હૈયે વાગશે.

કહ્યું માનો ને મારા કંથજીરે, નથી સટ્ટામાં સાર;
મીલકત વીશે તો પુળો મુકશો વળી ખોશો ઘરને બાર. હાથનાં.

પીઅરથી લાવેલું પાણી કર્યું રે, વળી થયા કરજદાર;
સગાં વહાલાં સર્વને શત્રુ કર્યાં, માથે સરકારનો માર. હાથનાં

ભજીયાં ખાવાને નિત્ય જાવછોરે, પડી તમને એ ટેવ;
ઘરની રસોઈઓ ગમતી નથી, ફાકો મમરાને શેવ. હાથનાં.

સવાર થયું કે સ્વામી તમેરે, જાવ હોટલની માંય,
શીંગલને ડબલ સોહકારતા, તેથી ચડી બેઠી જુવો ચાય. હાથનાં.

હાથે પગેથી હળાવી કરીરે, મેલી ખાધો સઉ માલ;
આગળ ઉપર વીતશે અતી. તમારી ખેંચાશે ખાલ. હાથનાં.

મરજો માબાપો માહરાં રે, કીધું અણઘટતું કામ;
જમાઈ આવો જુગટીઓ કયાંથી જડ્યો, ફુંકી ખાધું તમામ. હાથનાં.

સ્વામી જેનો થયો સટોરીઓરે, તેની નારીને ત્રાસ;
સંસાર વહેવાર સઘળો તજી, વેઠવો પડે વનવાસ. હાથનાં.

રાવ કવીનો રચેલો રાજીઓરે. તમારી રૂબરૂ ગવાય;
આજ પછી જો સટ્ટો કરો તો તમને કોલેરો થાય. હાથનાં.

સ્વામીનાથ સાંભળ્યો આ રાણીઓ અને આથી જો મનને શીખામણ ના લાગી હોય તો "ખુબીનો ખજાનો ઉર્ફે ચાલુ જમાનાનો ચીતાર" એ નામનું પુસ્તક મંગાવો અને તે વાંચીને કુટેવો છોડી દો. વળી જુવો જરા ગાયન બીજું સાંભળો.

જુગારીને ઝાડુ.

(ગાયન ગજબનું ને રાગ હાય હાયનો.)

અરે એ સટ્ટાના શોખીન, તમારો કેમ ઉઠ્યો છે દીન,
બન્યા શું જુગારમાં બહુલીન, તમોને વળગ્યો જીવતો જીન.
ગામ ગરાસ ઘરેણાં ગાંઠાં, ગુમાવશો ઘર બાર,
ઈજ્જત ખોશો અરે ઉલ્લુઓ, સજા દેશે સરકાર,
અકરમી રહેશો પર આધીન; તમારો૦
સગાં સહોદર અને કુટુમ્બી દેશે સઉ ફીટકાર,
તરણાથી પણ તુચ્છ ગણાશો, નહી ચાલે વહેવાર.
આખરે મરશો ખાઈ અફીન; તમારો૦
ભીખ માગતા થાશો ભુન્ડો, નહી રહે રહેવા ઠામ,
દાવાનળ દુઃખ આવી પડશે, વળી રૂઠશે રામ,
વેચાશો દમડાના દો તીન; તમારો૦
લોકો સરવે લોફર કહેશે, રાખશે નહી ઈતબાર,
રાવ કુવી કહે ભવીષ્યમાં પણ, પામશો બહુ પેંજાર.
માનો એ મુરખ મન મલીન. તમારો૦

ખાસ અગત્યની સુચના.

વાંચશો નહિ તો પસ્તાશો ?

અમારે ત્યાંથી લખવાની પાકી શાહી જેવી કે લાલ લીલી, ઉદી, કાળી, વાદળી વીગેરે તમામ જાતની મળશે મોટાં શહેરોમાં મળી શકે છે પણ નાનાં ગામડાંમાં મળી શકતી નથી તેથી અમોએ આ સુચના છપાવી બહાર પાડી છે નિશાળના મહેતાજીઓને તથા ઓફીસવાળાઓને વિનંતી કરવામાં આવે છે કે અમારા કાર્યાલયમાં મળતી દરેક જાતની શાહી વાપરી ખાત્રી કરો આ શાહી વાપરવા દરેક વિદ્યાર્થી બંધુ લાભ લેશે પુડીકાં સોની કિંમત રૂ. ૨ાા અઢી પોસ્ટેજ માફ પુડી એક કિંમત ફક્ત છપાઇ જવાબ માટે રીપલાઇ કાર્ડ લખવું. બે આનાની ટીકીટ મોકલનારને દરેક જાતનો નમુનો મફત મોકલવ માં આવશે.

મળવાનું ઠેકાણું.

મેનેજર એન. વી. ઠક્કરની કુંપની

વારાહી. (નોર્થ ગુજરાત)

મારાં ભારતવાસી દીર્ગાંયુષી ભાઇઓ અને બહેનો આ અકકલનું પડીકું વાંચીને બનતી મહેનતે કુટેવોનો પરીત્યાગ કરજો એવી મારી નમ્ર વિનંતી છે. વળી કહેવતમાં કહ્યું છે કે પડી ટેવ તે તો ટળે કેમ ટાળી. એટલે તમોને પડેલી કુટેવ તે તો ભાગ્યેજ છુટશે પરંતુ તમારાં ઉછરતાં બાળકો તરફ તો પુરતી દેખરેખ રાખજો અને તેમને તમારા જેવાં ચા–બીડીનાં અદૂલ વ્યસની થતાં અટકાવવાનો પ્રયત્ન કરજો જેથી ભવીષ્યમાં તેઓનું ભલું થાય એજ અરજ. (રાવ—**કવી**)

ગાયન બોધનું.

(રાગ-જોઇ લેજો જગના ખાવા, છે આજકાલ જે ન્હાવા.)

કાળામાં પણ બહુ કાળુ, એક ચોરી અને છીનાળુ,
વડુ સાહસને સરમાળુ, એક ચોરી અને છીનાળુ.
જુઠ ચોરીને જાર કર્મ જે, ગણ્યું પુર્ણ પાપાળુ,
ઘોર કૃત્ય ગોઝારાથી પણ, નીચમાં નીચ નીરાળુ;
દાવાનળ દુખનું જાળુ, એક ચોરી અને છીનાળુ.—કાળામાં.
પાપોમાંય અમાપ પાપ એ, હડહડતુ હત્યાળુ,
અહીતકારી અપલક્ષણુ છે, અન્યકને ઓશીઆળુ;
મહાનષ્ટથી નષ્ટ નીહાળુ, એક ચોરી અને છીનાળુ.–કાળામાં૦
જાર ચોરી કરનાર જનોનું, મુખ સદા મેશાળુ,
રાવ-કવી કહે એ દુષ્ટોના, ભુંડા હાલ હું ભાળુ;
છે નર્કે નાંખવા વાળુ, એક ચોરી અને છીનાળુ.–કાળામાં૦

(રાવ—**કવી**)

વાંચો. વાંચો અને વિચાર કરો.

ખાસ હરસ, મસા તથા આંખના

ડાક્ટર.

હરસ, મસા, તથા આંખના દરદીઓને ખુશ ખબર આપવામાં આવે છે કે ગમે તેટલા વરસના જુના તથા દુઝતા હરસ મસાને સસ્ત્ર ક્રીયા કર્યા શીવાય માત્ર એકલી વનસ્પતીની જડીબુટ્ટી ચોપડીને વગર ઈજાએ ફક્ત એકજ અઠવાડીઆમાં આરામ કરી આપીશું. વળી આંખમાં પડેલા મોતીબા ફુલ, છારી પડાળ વીગેરે ગરમીના દરદોથી રદ થયેલી આંખોને સસ્ત્ર ક્રીયાથી અને દવાથી ટુંક મુદતમાં દુરસ્ત કરી આપીશું. વળી કોઈ ગ્રહસ્થોને અમારે દવાખાને આવવાની ઈચ્છા ન હોય તો પત્ર લખી બોલાવાથી અમો જાતે આવીશુ વળી ગુજરાત પંચમહાલ તથા ઉત્તર મધ્ય હીન્દુસ્તાનના ઘણા ભાગોમાં અનુભવ મેળવીને આવેલા—

ડોકટર રતનલાલ બીહારીલાલ.

ઠે૦ છીકણીવાળા પંડયા મોતીલાલ કૃષ્ણારામના ડહેલામાં—મુ૦ડાકોર.

જાહેરાત ધરમાદા.

નરમદા પ્રક્રમામાં મળી આવેલી વનસ્પતીની ચમત્કારી દવાઓ—તાડપત્રીકાના ગ્રંથમાંથી શોધ્યું છે.

સ્ત્રીઓનાં ગમે તેવાં ગુપ્ત દરદો—ગરમી, ચાંદાં. પ્રવાહી ધાતુ રોગો તેમ પદર, રજવતું બંધ થવું, તેમ છોડ પુરૂષો માટે ધાતુક્ષય, સાકરીઆ વીગેરે ચોવી જાતના પ્રમીયા તે સીવાય દમ, ખાંસી, તાવ, મરડો, સંગ્રહણી વીગેરે તમામ દરદો ફક્ત દવાનીજ કીમત લઈ ધર્માદા આપવામાં આવશે. ને લોહભસ્મ કાન્તીસાર તથા સહસ્રપુટી અબરખ તદન ચોખી અત્રેથી મળશે બનાવનાર **મહાત્મા પ્રહ્લાદરામ બ્રહ્મનીસ્ટ.**

લખો:એ. પી. રાવકવી.મુ.કાલોલ (જીલ્લે પંચમહાલ).

અજબ અને ચમત્કારીક ઔષધ.

ચેમ્બર્સ ગોનોરીઆ પીલ્સ.

ગમે તેવી ગરમીથી અગર ખરાબ સંગતથી થયેલા પરમીયાનાં વીકટ દરદો જેવાં કે પેસાબમાં તણખા મારી રસીનું વહેવું તથા પેસાબનું અચકાઇને ટીપે ટીપે આવવું વીગેરે દરદોને આ અકસીર દવા માત્ર ચોવીસજ કલાકમાં નાબુદ કરીને આરામ આપે છે. લાંબા વખતથી થયેલા પરમીયાને પણ તુરત મટાડે છે. એકવાર મંગાવી ખાત્રી કરો કીમ્મત વી. પી. સાથે ડબ્બી ૧ નો રૂ. ૧ વળી અમોએ મહાન શ્રમ વેઠી પહાડોમાંથી સોધી કાઢેલી વનસ્પતીનું એક અજબ મલમ બનાવેલું છે કે માત્ર ત્રણ દીવસજ લગાવાથી ગમે તેવા હરસ મસા સાદા યા દુજતા હોય તેને વગર ઈજાયે મુળમાંથી બાળી મુકી નાબુદ કરે છે. આ અમારી ઉપર બતાવેલી બન્ને દવાઓ એ એક મહાત્માની આપેલી દુવાજ છે જેનાથી હજારો દરદીઓને આરામ થયો છે. હરસના મલમની ડબી કી. વી. પી. સાથે રૂ. ૧.

મળવાનું ઠેકાણું.

વૈદ્યરાજ લાભશંકર નાગેશ્વર કારવણવાળા.

ઠે૦—લક્ષ્મીજીના ખાંચામાં. **મુ. ડાકોર.**

સ્ત્રીઓનાં ગુપ્ત દરદોનો કટ્ટો દુશ્મન)

ખાસ ખાત્રી લાયક

વસુધા પીલ્સ.

ગોળી જન ૧ ની કીમ્મત રૂા. ૧।।

આ વસુધા પીલ્સ સ્ત્રીએ છુપી જગોએ પહેરવાથી લોહી વા તથા પીળુ અને સફેદ પાણીનું પડવું તથા મળ ગુગળુ ધાતુનું જવું વીગેરે છુપી જગોની તમામ ગરમી એટલે વીસફોટીક, ચાંદી અથવા પેશાબે બળતરા બળાવી તથા કમરનું ફાટવું વીગેરે તમામ દરદોને આ વસુધા પીલ્સ ટુંક મુદતમાં આરામ કરે છે વળી નરમને લગાડી પડેલી ચામડીને સંકોચીને કઠણ અને સુંવાળી બનાવે છે અને સંસાર સુખ ભોગની પુરી મઝા બતાવે છે આ ગોળી રોગી અને નીરોગી બન્નેના ઉપયોગમાં આવે છે. વાપરવાની રીતનું હેન્ડબીલ દવા સાથે મોકલવામાં આવશે. માટે એકવાર મંગાવીને ખાત્રી કરો.

લખો.

જનરલ એજન્ટ—રાવ કવીની કુંપની–મુ. કાલોલ.

જીલ્લે પંચમહાલ.

કવાલી–

નીરંજન્ ઓમ આત્મપતી, અહુમ બ્રમ્હાસ્મી તત્વમસી
સમયસુધી કર્યો સંસાર, અહી ઉધ્યમ ઉઠાવ્યો ભાર
થતાં ચ્યતી તજી વસ્તી:— અહુમ–

ઉઠાવ્યાં વીશ્વ વૈભોગો, પુર્યાં પુરષાર્થના યોગો
સમીતે સર્વની મસ્તી:— અહુમ–

મઝા માણીશહુચ્યો મધ્યમ, કર્યાં બહુ કાર્ય પણ ઉત્તમ
તજી સઉ સ્વાર્થ અર્થ વૃતી:— અહુમ-

બાહી પરનો નથી પરણ્યો, છતાં જંજાળમાં બમણો
ઘુર્યાં તે છેનહી વરતી:— અહુમ-

ગયું આવ્યું થયું થાશે, હીસાબે આત્મા છુટાશે
કરો સંધ્યાવન્દ્ કીરતી:— અહુમ–

અમર વૃક્ષો મુગી પત્તાં, ભુમીના મસ્તોનાં બાદશાં–
નથી કવી—રાવને તસ્તી:— અહુમ=

કોમીક—પોયેટ
ઉર્ફે
રાવ—કવી–